ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

શનિવાર ૭ માર્ચ, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

### ટ્રાફિક પોલીસ દ્વારા અમુક રસ્તાઓ બંધ કરીને ટ્રાફિક ડાયવર્ટ કરાયો

# સિંગવડમાં બોર્ડ પરીક્ષા વેળા ટ્રાફિક જામથી હાલાકી

### મોટરસાયકલ તથા નાના મોટા વાહનોની લાંબી લાઈનો જોવા મળી, તંત્ર મૂકપ્રેક્ષકની ભૂમિકામાં



( પ્રતિનિધિ ) સિંગવડ,તા.6 સિંગવડ નગર ખાતે ધોરણ 10 અને ધોરણ 12 ની પરીક્ષાઓની ચાલુ થતા પોલીસ સ્ટેશન પાસે ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા હતાં. આજરોજ સિંગવડ નગર ખાતે ધોરણ 10 બોર્ડની પરીક્ષા પેપર છૂટતાની સાથે સિંગવડ નગરના પોલીસ સ્ટેશન ખાતે ની ચોકડી ઉપર ખૂબ ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા જ્યારે ધોરણ 12 ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જવા માટે ની તૈયારી માટે નીકળ્યા હતા અને ધોરણ 10 ની પરીક્ષા નુ પેપર છૂટ્યું હતું જ્યારે બીજા નાના મોટા વાહનનો ખડકલો પણ આ ચોકડી પર ભેગો થઈ જતા વાહન વ્યવહાર સ્થગિત થયો હતો જ્યારે ટ્રાફિક પોલીસ ના જવાનો દ્વારા અડધાથી એક કલાકની મહેનત બાદ આ ટ્રાફિક જામ હળવો થયો હતો જ્યારે મોટરસાયકલ ચાલકો દ્વારા જ્યાં જગ્યા મળે ત્યાં ઘૂસી જતા વધારવાની ટ્રાફિક સમસ્યાઓ ઊભી થઈ હતી જ્યારે ચારે બાજુથી નાના મોટા વાહનનો કીડિયારુ ની જેમ ઉભરાયા હતા જોત જોતા માં પીપલોદ રોડ સંજેલી રોડ અને નીચવાસ રોડ પણ જ્યાં દેખો ત્યાં ટ્રાફિકમાં મોટરસાયકલ તથા નાના મોટા વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી જ્યારે ટ્રાફિક પોલીસ દ્વારા અમુક રસ્તાઓ બંધ કરીને ટ્રાફિક નીકળવા માટે લાગી ગયા હતા જ્યારે જો આવા સમયે એમ્બ્યુલન્સ કે 112 જેવી સેવાઓ ને નીકળવાનું થાય તે સમયે ટ્રાફિક જામ લાગેલ હોય તો એમ્બ્યુલન્સ અને 112 ને જગ્યા ક્યાંથી મળે જ્યારે ઘણી જગ્યા ઉપર પણ અમુક દબાણો થઈ જતા વધારાની તકલીફો ઉભી થતી હોય છે જ્યારે વારંવાર આવો ટ્રાફિક જામ ની સમસ્યા થતી હોય ત્યારે તેનો ઉકેલ પણ લાવો જરૂરી બને છે

## હાલોલના જયપુરા ગામે ઘુવડનુ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે મળી રેસ્ક્યુ



હાલોલ : હાલોલ મા આવેલ જેપુરા વિરાસતવન ની બાજુમા તળાવ મા એક ઘાયલ ઘુવડ જે કાયદાકીય સિડયુલ 1પક્ષી દેખાતા ગામના સેવાભાવી અજીતભાઈ દ્વારા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ સતીષભાઈ બારીયા સાહેબ ને જાણ કરાતા સિદ્ધાંત જીવદયા ટીમ ના પિન્ટુભાઈ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના બી.બી રાઠવા સાથે મડી રેસ્ક્યુ કરી હાલોલ પશુ હોસ્પિટલ લઈ આવી દવા સારવાર કરતા ઘુવડ ની પાખ પુરીપુરી કપાઈ ગઈ હતી તો અત્યારે દવ સારવાર કરી છે અને સારવાર રેગ્યુલર કરવી પડી એવુ હોવાથી અત્યારે વધુ સારવાર અર્થ હોસ્પિટલ મા એડમિટ રાખવામા આવ્યુ છે.

### દાહોદ એલસીબી પોલીસનો કસ્બામાં સપાટો

## ગૌરક્ષકો પર હુમલાનો મુખ્ય આરોપી તથા સાગરીત પકડાયા

( પ્રતિનિધિ ) દાહોદ,તા.6 દાહોદ શહેરના કસ્બા પટણી ચોકમાં તાજેતરમાં કતલ કરવાના ઈરાદાથી લાવવામાં આવેલ ભેંસો ભરેલ પીકપ ગાડીને ગૌરક્ષક કોઈ પકડતા તે વિસ્તારના સ્થાનિક કેટલાક ઈસમો દ્વારા ગૌરક્ષકો પર લાકડીઓ તેમજ પાઈપો વડે હુમલો કરી પથ્થર મારો કરવામાં આવ્યો હતો જેમાં બે ગૌરક્ષકોને ઈજાઓ થવા પામી હતી. તે બંનેને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બાર જેટલા લોકો સામે નામ જોગ ફરિયાદ નોંધાવાતા પોલીસે આ મામલે પશુ પ્રત્યે ઘાતકી પણા અધિનિયમ તેમજ રાયોટીંગનો ગુનો દાખલ કરી તે વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું અને સાત જેટલા સંડોવાયેલા લોકોની તે સમયે ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે મુખ્ય આરોપી દાહોદ મોટા ઘાંચીવાડા જુમા મસ્જિદ પાસે રહેતા અબ્દુલરજાક અબ્દુલ હઈ ઉર્ફે અબ્દુલ રહીમ ડોકિલા તથા તેનો સાગરીત દાહોદ કસ્બા જુના વણકરવાસમાં રહેતો શાહરૂખ છોટુભાઈ કુરેશીને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. આ બંને આરોપીઓ ગરબાડા, દાહોદ ટાઉન એ ડિવિઝન, દાહોદ તાલુકા પોલીસ સ્ટેશન, કતવારા પોલીસ સ્ટેશન તેમજ લીમખેડા પોલીસ સ્ટેશનના પશુ પ્રત્યે ઘાતકીપણા અધિનિયમના ગુનામાં નાસતા ફરતા હોવાનું જણાવાયું છે.

### બેન્ક મેનેજર બની મોકલેલી એપે ખાલી કર્યા ખાતા, લોન પણ લઈ ઉડાવી

## સાયબર ઠગ દ્વારા ભરૂચના ટેકનિશિયન સાથે રૂપિયા 9.12 લાખની છેતરપિંડી

( પ્રતિનિધિ ) ભરૂચ,તા.6 ભરૂચ શહેરમાં રહેતા SRF દહેજમાં મેન્ટેનન્સ ટેકનિશિયન સાથે 9.12 લાખ રૂપિયાની સાયબર છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ઠગે પોતાને HDFC બેન્કનો મેનેજર ગણાવી પીડિતના મોબાઈલમાં એક એપ ઈન્સ્ટોલ કરાવી હતી, જેથી વોટ્સએપ હેક થઈ ગયું હતું અને બેન્ક ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા.માત્ર એટલું જ નહીં, ઠગે પીડિતના નામે ઓનલાઈન પર્સનલ લોન પણ મેળવી લીધી હતી. ભરૂચનાં શક્તિનાથમાં આવેલ આનંદ નગર સોસાયટીમાં મકાન નં-565 તુષાર ચંપકલાલ મહેતા (ઉ.વ. 40) રહે છે.તેઓ SRF દહેજમાં મિકેનિકલ ટેકનિશિયન તરીકે નોકરી કરે છે, તેમણે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ગત તા-6મી ઓગસ્ટ 2025ના રોજ સાંજે પીડિતને +91 7531990246 નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ દિલિપ રાજન અને HDFC બેન્કનો મેનેજર હોવાનું જણાવી KYC અપડેટ કરવાનું કહ્યું હતું. તેના કહેવાથી પીડિતે પોતાના આધાર-પાનકાર્ડના ફોટા મોકલી આપ્યા હતા. ત્યારબાદ ઠગે 'HDFCBank.Apk' નામની ફાઈલ મોકલીને તેને ખોલવા જણાવ્યું હતું. પીડિત દ્વારા એમ કરતાં જ તેમનું વોટ્સએપ હેક થઈ ગયું હતું અને તેમના મોબાઈલ પર આવતા તમામ મેસેજ ઠગ પાસે પહોંચવા લાગ્યા હતા.આ ઘટના બાદ 8 ઓગસ્ટના રોજ પીડિતના HDFC બેન્ક (વિક રોડ શાખા) ખાતા નંબર 00681140050276 માંથી અલગ-અલગ વ્યવહારો દ્વારા રૂ. 2,74,000/- ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ 9 ઓગસ્ટના રોજ ઠગે પીડિતના નામે ઓનલાઈન પર્સનલ લોન (એકાઉન્ટ નંબરઃ 466668977) મેળવી રૂ. 6,62,250/- મેળવ્યા હતા. આમાંથી પ્રોસેસિંગ ફી બાદ રૂ. 6,37,981/- પીડિતના ખાતામાં જમા થયા હતા, પરંતુ તરત જ તે રકમ પણ 9 અને 10 ઓગસ્ટ દરમિયાન અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

10 ઓગસ્ટના રોજ બેન્કના કસ્ટમર કેરનો ફોન આવતાં પીડિતને છેતરપિંડીની જાણ થઈ હતી, ત્યાં સુધીમાં તેમના ખાતામાં માત્ર 98 રૂપિયા બાકી રહ્યા હતા.તુષાર મહેતાએ 11 ઓગસ્ટ 2025ના રોજ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી, પરંતુ રકમ પરત ન મળતાં તેઓએ તા-5 માર્ચ 2026ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં તેમના ખાતામાંથી કુલ રૂ. 9,12,113.34/- ની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે અજાણ્યા ઠગ સામે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ PI વનરાજસિંહ ડોડીયા કરી રહ્યા છે.

### સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનું દસ્તાવેજીકરણ થશે

## છોટાઉદેપુરની આદિવાસી સંસ્કૃતિને મળશે રાષ્ટ્રીય ઓળખ



( પ્રતિનિધિ ) છોટાઉદેપુર,તા.6 છોટાઉદેપુર જિલ્લાના પ્રખ્યાત આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ કવાંટ ગેર મેળાને રાષ્ટ્રીય સ્તરે વિશેષ ઓળખ અપાવવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસો અને ભારતીય ટપાલ વિભાગના સહયોગથી કવાંટ ગેર મેળા પર આધારિત વિશેષ આવરણ (Special Cover) અને "માય સ્ટેમ્પ" તૈયાર કરવામાં આવ્યા છે. આ વિશેષ આવરણ અને માય સ્ટેમ્પનું વિમોચન ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા તેમજ સંખેડા વિસ્તારના ધારાસભ્ય અભેસિંહ તડવી ઉપસ્થિત રહ્યા હતા. વહીવટીતંત્રની પહેલથી કવાંટ ગેર મેળાની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનું દસ્તાવેજીકરણ થશે અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળશે.

### સહિયારી દીવાલના કોર્ટ કેસની અદાવતે હુમલો

## કાલોલ તાલુકાના સુરેલી ગામે કુટુંબીઓ વચ્ચે અથડામણ

( પ્રતિનિધિ ) કાલોલ,તા.6 કાલોલ તાલુકાના સુરેલી ગામમાં સહિયારી દીવાલ અંગે ચાલી રહેલા કોર્ટ કેસની અદાવતને લઈને એક જ કુટુંબના સભ્યો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. આરોપીઓએ લાકડીઓ અને ઈંટો વડે હુમલો કરતા મહિલા સહિત બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

સુરેલી ગામના રહેવાસી ચંદુભાઈ ખાતુભાઈ ચૌહાણ અને તેમના કુટુંબી મણિભાઈ વાલાભાઈ ચૌહાણ વચ્ચે સહિયારી દીવાલ બાબતે વિવાદ ચાલી રહ્યો હતો, જેને લઈને ફરિયાદી દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ બાબતે અદાવત રાખીને મણિભાઈ વાલાભાઈ, તેમની પત્ની સવિતાબેન તથા તેમના ત્રણ પુત્રો હર્ષદ, રાહુલ અને સંજયે એકસંપ થઈને ફરિયાદીના પરિવાર પર હુમલો કરી મારમાર્યો હતો. આરોપી સંજયે છૂટી ઈંટો ફેંકી હુમલો કર્યો હતો તેમજ લોખંડની નરાશ વડે ચંદુભાઈના ઘરના વીજ મીટરનું લોક તોડી નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે હર્ષદે મોટરસાયકલ પર લાકડીઓ ફટકારી તોડફોડ કરી હતી. હુમલા દરમિયાન પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી.આ હિંસક હુમલામાં ખાનીબેન તથા ભાઈ ખુમાનભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ મામલે ચંદુભાઈ ચૌહાણે વેજલપુર પોલીસ મથકે મણિભાઈ વાલાભાઈ ચૌહાણ સહિત પાંચેય આરોપીઓ સામે નામજોગ ફરિયાદ નોંધાવી છે.

### સુખસર તાલુકામાં ૭મી માર્ચના રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

( પ્રતિનિધિ ) સુખસર,તા.6 પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે સમગ્ર રાજ્યની સાથે દાહોદ જિલ્લામાં પણ સેવાસેતુ કાર્યક્રમનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે તારીખ ૦૭/૦૩/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે દાહોદ જિલ્લાના નવરચીત સુખસર તાલુકાના બલૈયા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમા ભાગ લેનાર તમામ લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા આપવામા આવતા લાભો મેળવવા માટે જે તે સ્થળે જ લાભ આપવાના હોવાથી લાભાર્થીઓ પોતાના જરુરી પ્રમાણપત્રો તેમજ પુરાવા સાથે હાજર રહે જેથી કરીને સ્થળ પર જ તેઓને લાભ મળી શકે.

### જાહેર માર્ગ પર મારામારીથી ફફડાટ, વાહનચાલકોમાં ભયનો માહોલ

## મધવાસમાં ધોળા દિવસે ધીંગાણું લાકડીઓ સાથે સામસામે બાખડ્યા

**જાહેરમાં** શસ્ત્ર પ્રદર્શન અને મારામારીના બનાવને પગલે ભયનો માહોલ સર્જાયો

( પ્રતિનિધિ ) કાલોલ,તા.6 કાલોલ તાલુકાના મધવાસ ગામે ધોળા દિવસે જાહેર માર્ગ પર હથિયારો સાથે ધીંગાણું કરતા શખ્સો સામે કાલોલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મધવાસ ત્રણ રસ્તા જેવા ધમધમતા વિસ્તારમાં લાકડીઓ સાથે સામસામે બાખડતા તત્વોને કારણે રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

મળતી માહિતી મુજબ મધવાસ ત્રણ રસ્તા નજીક કેટલાક શખ્સો હાથમાં લીલી સોટીઓ (લાકડીઓ) જેવા હથિયારો લઈને સામસામે આવી ગયા હતા. ત્યારબાદ તેઓ જાહેર માર્ગ પર જ એકબીજા સાથે મારામારી કરવા લાગ્યા હતા. જેના કારણે રસ્તા પર થોડા સમય માટે અવરોધ સર્જાયો હતો અને આસપાસના વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભું થયું હતું.જાહેરમાં શસ્ત્ર પ્રદર્શન અને મારામારીના બનાવને પગલે કાલોલ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

જાહેર સુલેહ-શાંતિનો ભંગ કરવા બદલ પોલીસે મહિલા સહિત કુલ 8 શખ્સો સામે ગુનો નોંધ્યો છે.પોલીસ દ્વારા નોંધાયેલા આરોપીઓમાં સતીશ દિનેશભાઈ સિકલીગર, અનિલભાઈ મહિપતભાઈ સિકલીગર, જીગરભાઈ રાજેશભાઈ સિકલીગર, કલ્પેશકુમાર દિલીપભાઈ સિકલીગર, મુકેશકુમાર પ્રવીણભાઈ સિકલીગર, ઈશ્વરભાઈ મયજીભાઈ સિકલીગર, ગૌતમભાઈ ઉર્ફે ગલો રામસિંહ રાઠોડ અને ઈલાબેન કિરણભાઈ સિકલીગરનો સમાવેશ થાય છે.કાલોલ પોલીસે જાહેર માર્ગ પર અંધાધૂંધી ફેલાવનાર તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ રાખી છે.

### 42 વર્ષીય યુવકનું સ્થળ પર જ મોત

## દાહોદના મોટી ખરજ ગામે બનેલી હિટ એન્ડ રનની ઘટના

( પ્રતિનિધિ ) દાહોદ,તા.6 દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે સવારના સમય ગરબાડા બાજુથી પૂરપાટ દોડી આવતી ઈક્કો ફોરવીલ ગાડી રોડની ડાબી બાજુએ ચાલતા જઈ રહેલા મોટી ખરજ ગામના ૪૨ વર્ષીય યુવકને પાછળથી જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં યુવકને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યુ હોવાનું સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે સવારમાં પોણા આઠ વાગ્યાના સુમારે દાહોદ તાલુકાના મોટી ખરજ ગામના ૪૨ વર્ષીય રાકેશભાઈ મલાભાઈ ખપેડ દાહોદ ગરબાડા રોડ પર બળિયાદેવ મંદિરથી થોડે દૂર રોડની ડાબી બાજુએ ચાલતા જઈ રહ્યા હતા. તે વખતે ગરબાડા બાજુથી માતેલા સાંઢની જેમ યમદૂત બની દોડી આવતી જીજે ૧૭ એ એચ ૦૭૫૩ નંબરની ફોરવીલ ગાડી પગપાળા જઈ રહેલા રાકેશભાઈ મલાભાઈ ખપેડને પાછળથી જોષભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રાકેશભાઈ મલાભાઈ ખપેડને માથાના ભાગે તથા કમરના પાછળના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેઓનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ સંબંધે મોટી ખરજ ગામના મરણ જનાર રાકેશભાઈ મલાભાઈ ખપેડના કાકા સેનાભાઈ દીતાભાઈ ખપેડે દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈકો ફોરવિલ ગાડીના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**હાલાકી** છોટાઉદેપુર જિલ્લામાં અધિકારીઓ ગામડાઓની મુલાકાત લેતા નથીની વાસ્તવિકતા છતિ થઇ

## નસવાડી તાલુકાના દમોલી ગામથી હમીરપુરાનો માર્ગ બિસમાર હાલતમાં

( પ્રતિનિધિ ) નસવાડી,તા.6 નસવાડી તાલુકાના દમોલી થી હમીરપુરા નો ત્રણ કિલોમીટર નો માર્ગ બિસ્માર હાલત માં 10 વર્ષ પહેલા આ ડામર રસ્તો બન્યો હતો પરંતુ ત્યારબાદ રસ્તો બનાવવા માટે પંચાયત માર્ગ મકાન વિભાગ કોઈ કામગીરી ના કરતા 10 ગામોના લોકો અને બે તાલુકાના લોકો આ રસ્તા ઉપર થી પસાર થાય છે છોટાઉદેપુર જિલ્લામાં અધિકારીઓ ગામડાઓની મુલાકાત લેતા નથી તેનો આ વરવો નમૂનો છે નસવાડી તાલુકાના દમોલી થી હમીરપુરા નો માર્ગ 10 વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હતો આ રસ્તા ની ત્રણ વર્ષ ની વોરંટી હોય છે પાંચ વર્ષ માં નવો રસ્તો ફરી બનાવવાનો હોય છે પરંતુ પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ દમોલી



થી હમીરપુરા સુધીનો રસ્તો બનાવવા માટે આજદિન સુધી કોઈ પ્રયાસ કર્યા નથી ડામર રોડ ની સપાટી ઘસાઈ જતા મેટલ બહાર આવી ગયા છે અનેક વાહનો આ રસ્તા ઉપર પંચર પડે છે અને બાઈક ચાલકો મેટલ બહાર નીકળી ગયા હોવાથી ટાયર સ્લીપ મારી જતા સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવતા રોડ ઉપર પટકાય છે અને અનેક વાર ઈજાગ્રસ્તો બન્યા છે ત્યારે અધિકારીઓએ આની કાળજી લેવી જોઈએ જ્યારે આદિવાસી વિસ્તાર માં બે તાલુકા ને જોડતો અને 10 ગામોને જોડતો આ રસ્તો છે ત્યારે વહેલી તકે રસ્તો બનાવવો જોઈએ સરકાર ના અધિકારીઓએ આવા ગામડાઓને જોડતા રસ્તા બનાવે તો તેનો લાભ સીધો આદિવાસી પ્રજા ને મળી શકે છે હાલ તો બે તાલુકાની પ્રજા ટૂંકો રસ્તો હોવાથી પસાર થાય છે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે

### એચઈસી ઈન્ફ્રા પ્રોજેક્ટ્સને 100 કરોડનો મોટો ઓર્ડર

વડોદરા : એચઈસી ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડ (NSE: HECPROJECT), ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ઈન્સ્ટ્રુમેન્ટેશન ક્ષેત્રે કાર્યરત અગ્રણી ઈપીસી કંપનીને દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ (DGVCL) પાસેથી આશરે 100 કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે જે 18 માસમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય રખાયો છે. આ ઓર્ડર અદ્વૈત એનર્જી ટ્રાન્ઝિશન લિમિટેડ સાથેના સંયુક્ત સાહસમાં આપવામાં આવ્યો છે અને કંપનીના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઓર્ડર માનવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ 11 કેવી 55 એમએમ એએએસી મીડીયમ વોલ્ટેજ કવર્ડ કંડક્ટર્સનો ટર્નકી સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ તેમજ સંબંધિત એક્સેસરીઝ અને વધારાના વીજ થાંભલાઓની સ્થાપનાનો સમાવેશ થાય છે.

### હાલોલ નગરપાલિકા દ્વારા નવતર પ્રયાસ

## વોકલ ફોર લોકલ અંતર્ગત સ્વદેશી મેળા 2026નું ભવ્ય ઉદ્ઘાટન કરાયું

( પ્રતિનિધિ ) હાલોલ,તા.6 ગુજરાત સરકાર દ્વારા શહેરી વિકાસ ઉજવણીના ભાગરૂપે હાલોલ નગરપાલિકા દ્વારા સ્વ સહાય ગ્રુપની મહિલાઓ તથા અન્ય મંડળીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓના પ્રદર્શન અને વેચાણ માટે સ્વદેશી મેળા 2026 નું નગરપાલિકા હાલોલ દ્વારા હાલોલ નગરમાં બસ સ્ટેન્ડ સામે અયોધ્યાપુરી ગ્રાઉન્ડમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે મેળામાં અલગ અલગ60 જેટલા સ્વદેશી વસ્તુઓના સ્ટોલો ગોઠવવામાં આવેલા હતા અને તેમાં સ્વદેશી અવનવી વસ્તુઓ ઘર ઉપયોગી તેમજ ખાણીપીણીની પણ વસ્તુઓ મેળામાં હાલોલ નગરની સર્વે આજુબાજુ તથા હાલોલ તાલુકાના વેપારીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો મેળાના ઉદ્ઘાટનમાં હાલોલ તાલુકાના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ જયદ્રસિંહજી પરમારના અધ્યક્ષ સ્થાને દીપ પ્રાગટ્ય કરી સદરમેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ સાથે મયુર ધ્વજ સિંહ પરમાર, હાલોલના ડી.વાય.એસ.પી ડી.જે.રાઠોડ તથા



પી.આઈ. જાડેજા, હાલોલ મામલતદાર, હાલોલ બીજેપી શહેર પ્રમુખ પક્ષના અગ્રણી કાર્યકરો નગરપાલિકાના હાલના પ્રમુખ તેમજ માજી પ્રમુખોએ પણ હાજરી આપી હતી હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર કારોબારી અધ્યક્ષ પ્રમુખ, ઉપપ્રમુખ નગરપાલિકાના તમામ સદસ્યો અને હાલોલ શહેરમાંથી મોટી સંખ્યામાં રહીશો ઉપસ્થિત રહ્યા હતા તારીખ 5 માર્ચથી 14માર્ચ સુધી ચાલનાર આ મેળામાં ઉપસ્થિત સર્વને લોકલ ફોર વોકલ મંત્રને સાકાર કરવા માટે જાહેરમાં સૌને અપીલ કરી હતી.